ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૭૯ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં આજકાલ ફરાળી મીઠાઈની બોલબાલા !

મીઠાઈઓના ભાવમાં ૫ થી ૭ ટકાનો ભાવ વધારો : બહેનો વિદેશમાં રહેતા ભાઈઓને પાર્સલમાં રાખડીઓ ઉપરાંત મીઠાઈઓ મોકલી રહી છે તેથી પણ હાલમાં મીઠાઈઓની ડીમાન્ડ વધી છે

ગાંધીનગર, તા.૬

શહેરમાં તહેવારોની મોસમ શરૂ થઈ રહી છે. શ્રાવણનો પવિત્ર મહિનો તો છે જ ઉપરાંત તહેવારોનો જમાવડો પણ રહેવાનો છે ત્યારે ભાઈ-બહેનના પવિત્ર બંધનનો તહેવાર રક્ષાબંધન હવે ગણતરીના જ દિવસોમાં આવી રહયો છે. જેની તડામાર તૈયારીઓ જોવા મળી રહી છે. શહેરના બજારોમાં તથા ઓનલાઈન રાખડીઓનું વેચાણ શરૂ થઈ ચુકયું છે. પોસ્ટ વિભાગમાં પણ રાખડીઓની પાર્સલ સેવામાં ધસારો જોવા મળી રહયો છે. ઓનલાઈન રાખડીઓનો પાર્સલ જે-તે સ્થળ પર મોકલવામાં આવી રહયા છે. બહેનો દ્વારા જેમાં મીઠાઈઓના બોક્સ પણ પાર્સલ કરવામાં આવી રહયા છે. ગાંધીનગરની સૌથી જાણીતી રાધે સ્વીટ એન્ડ નમકીનના ૫૦ વર્ષ પૂર્ણ થતાં આ વખતે ડિસ્કાઉન્ટમાં અમુક મીઠાઈઓનું વેચાણ કરવામાં આવી રહયું છે. રાધે સ્વીટના વિપુલભાઈ સુખડીયાના જણાવ્યા અનુસાર તેમની વેબસાઈટ પર ઓનલાઈન સ્વીટ અને સાથે રાખડીઓનું બુકીંગ હાલમાં સૌથી વધારે ચાલી રહયું છે. બહેનોને પોતાના ભાઈઓ માટે અલગથી રાખડીઓની ખરીદી ન કરવી પડે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી સ્વીટ અને રાખડીનું પાર્સલ બહેનો એક જ જગ્યા પરથી ખરીદીને જે-તે સ્થળ પર સરળતાથી પહોંચાડી શકે છે.

આ વખતે ગોલ્ડન ટ્રિઝર, કાશ્મીરી સેફરોન, હની, નટ્સ, કાર્ડમમ બનાવવામાં આવી છે. આ વર્ષે મીઠાઈના ભાવમાં પાંચથી સાત ટકાનો વધારો થયો છે. કાજુ કતરી ૮૨૦/- રૂપિયા કિલો મળતી હતી તે ૯૦૦/- રૂપિયામાં મળી રહી છે. આ વર્ષે કાજુકતરીમાં પણ નવા નવા ફલેવર આવ્યા છે. શહેરમાં બે વર્ષ કોરોનાના કહેરને કારણે ભાઈ-બહેનનો પવિત્ર તહેવાર ધામધૂમથી ઉજવી શકાયો નહોતો. જે આ વર્ષે શહેરીજનો ઉત્સાહ પૂર્વક રક્ષાબંધનની ઉજવણી કરી શકશે.

રાધે સ્વીટના ૫૦ વર્ષ પૂર્ણ થવાની ખુશીમાં ગોલ્ડન ટ્રીઝર સ્વીટ અનોખું આકર્ષણ

રક્ષાબંધન નિમિત્તે અવનવી સ્વીટ અને નાસ્તાઓ ઉપલબ્ધ કરાવામાં આવ્યા છે. જેમાં કાજુકતરીમાં નવી વેરાઈટીઓ જેવી કે મેંગો કાજુકતરી, ગોળની કાજુકતરી ઉપરાંત કાજુ મીઠાઈ, ચોકો સ્ટ્રોબેરી નવીનત્તમ મીઠાઈઓ છે. આ સિવાય ઘણીબધી સ્વીટ ઉપલબ્ધ છે. ગોલ્ડન ટ્રીઝર સ્વીટમાં સોનાની વરખ, બદામ-કાજુ, આલ્મન્ડ વોલ્ટન, બદામ-પિસ્તા, કોલન્ટ બોલ, બકલાવા, ચોકલેટ વગેરે ઉમેરવામાં આવ્યા છે તેમ વિપુલભાઈ સુખડીયાએ જણાવ્યું હતું.

જન્મદિને વધામણી

મનિષ આર પટેલ
મો. ૯૯૨૫૨ ૭૯૫૫૫

એંજલ રણજીતભાઈ ઘાંઘ્રેશા
મો. ૭૦૪૩૧ ૪૭૩૧૦

યુગ અશ્વિન પટેલ

ભાવેશકુમાર કે પટેલ
મો. ૯૪૨૮૯ ૪૪૧૮૮

વિશાલ આર શ્રીમાળી
મો. ૬૩૫૪૭ ૧૭૦૯૩

સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે 'હર ઘર તિરંગા' અંતર્ગત ચિત્ર સ્પર્ધા યોજાઈ

સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે આપણાં દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થતાં 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણી અંતર્ગત ૧૫ ઓગષ્ટ ૨૦૨૨ સુધી 'હર ઘર તિરંગા' કાર્યક્રમની રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગરૂપે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય ચાર્ટ પેપર પર રાષ્ટ્રધ્વજ બનાવવો અથવા રાષ્ટ્રધ્વજના ઈતિહાસ દર્શાવતુ ચિત્ર બનાવવાનો હતો.

સમર્પણ કોલેજનો વિદ્યાર્થી દિલ્હી પરેડ માટે પસંદગી પામ્યો

ગાંધીનગર, તા.૬

૧૫ ઓગસ્ટ સ્વતંત્રતા દિવસના સંદર્ભે NCC EBSB કેમ્પ દિલ્હી માટે સમગ્ર ગાંધીનગર જિલ્લામાંથી એક માત્ર વિદ્યાર્થીની પસંદગી કરવામાં આવી હતી જેમાં સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજના એનસીસીના વિદ્યાર્થી ઋતુરાજસિંહ વાઘેલાની પસંદગી કરવામાં આવી છે આ પસંદગી પાછળ કોલેજના ટ્રસ્ટી શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, પ્રિન્સિપલ ડોક્ટર રાજી ડેનિશ નું સતત પ્રોત્સાહન તથા NCC ANO જસપાલસિંહ રાઠોડ અને NCC PI જયવીરસિંહ વાઘેલાનો પૂર્ણ સહકાર મળ્યો છે જે કોલેજ માટે ગર્વની બાબત છે તેમ જણાવ્યું હતું.

હડમતીયા નિલકંઠ મહાદેવના મંદિરે દરરોજ શિવમહિમ્ન પાઠ

પવિત્ર શ્રાવણ માસમાં હડમતીયા નિલકંઠ મહાદેવજીના મંદિરે બ્રહ્મસમાજ મહિલાપાંખ હડમતીયાની બેનો દ્વારા નિલકંઠ મહાદેવજીના મંદિરે સવારે ૬ થી ૭.૩૦ દરમ્યાન રોજો રોજ શિવજીની આરાધના કરી શિવમહિમ્નના પાઠ હડમતીયા બ્રહ્મસમાજની બેનો દ્વારા કરવામાં આવે છે.

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં 'સકસેસ મંત્ર' ઉપર સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૫

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજની ટીવાયબીકોમના વિદ્યાર્થીઓ માટે 'સકસેસ મંત્ર' વિષય ઉપર એક સેમિનારનું આયોજન બ્રહ્માણી કૃપા હોલ, સેક્ટર-૨૩, કડી કેમ્પસ ખાતે કરાયું જેમાં બી.કોમ.ના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. કાર્યક્રમમાં વક્તા તરીકે ગાંધીનગરના પ્રોફેશનલ કોચ મિ. હરેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા જેમને વિદ્યાર્થીઓને સફળ કારકિર્દી માટેનું માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. જીવનમાં સફળ થવા વિદ્યાર્થીઓને નાની નાની આદતો સુધારવા, હકારાત્મક માનસિકતા અને પ્રશ્ન પૂછવાની કળા શીખવાની સલાહ આપી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નનું માર્ગદર્શન પણ હરેશ પટેલ દ્વારા પુરૂ પાડવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો જેમાં કાર્યક્રમનું આયોજન અને સંકલન ડૉ. ધર્મેન્દ્ર પટેલ, ડૉ. સોનલ લેન્ડે અને સુરજ મુંજાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

આર.એન.પટેલ સ્કુલના વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ

ગાંધીનગર તા.૬

આર.એન.પટેલ શાળાના ધોરણ ૬ ના ૧૫૦ વિદ્યાર્થીઓ તથા ચાર શિક્ષકોએ અભ્યાસના ભાગરૂપે જૈન આરાધના કેન્દ્ર કોબા તથા અડાલજ વાવની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. જૈન આરાધના કેન્દ્રના અધિકારી દ્વારા ભોજપત્રો, શિલાલેખો વગેરે બતાવ્યા હતા અને તેના વિશે વિસ્તૃત માહિતી આપી હતી. વિદ્યાર્થીઓ આ ઐતિહાસિક અવશેષો પ્રત્યક્ષ નિહાળી તે અંગેના જ્ઞાનને વધુ સુદઢ બનાવ્યું હતું. પથ્થર ઉપરની સુંદર કોતરકામ જોઈ શિલ્પ સ્થાપત્ય કલા અંગે માહિતી મેળવી હતી. વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન વિષય શિક્ષકોએ પૂરું પાડ્યું હતું.

બ્રહ્માકુમારી દ્વારા મગોડીમાં સગર્ભા બહેનોને રાખડી બંધન

ગાંધીનગર, તા.૬

ચિલોડા બ્રહ્માકુમારીના ઈન્ચાર્જ તારા દીદીએ ૪૦ જેટલી સગર્ભા મહિલાઓને રાખડી બાંધી તેમના જીવનનું મહત્વ સમજાવ્યું હતું. સાથે જ સંકલ્પ લેવડાવ્યો હતો. મો મીઠું કરાવ્યું હતું અને વસંત મસાલા કંપની વતી દાન પણ કર્યું. બી.કે. ઓમપ્રકાશભાઈ વતી દાનનો વિશેષ કાર્યક્રમ આ સગર્ભા સ્ત્રીઓ માટે યોજવામાં આવ્યો હતો. સાથે શાળાના આચાર્ય યશવંતભાઈ અને શિક્ષક સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યા હતા અને તેઓને રાખડી બાંધી પ્રતિજ્ઞા લેવડાવી હતી.

અરિહંત સ્કુલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રીસર્ચ ઈન્સ્ટી. દ્વારા ઈન્ડસ્ટ્રીઅલ ટુર

ગાંધીનગર, તા.૬

અરિહંત સ્કુલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરીસર્સ ઈન્સ્ટીટયુટ અડાલજ દ્વારા બી ફાર્મ સેમેસ્ટર-૨ ના વિદ્યાર્થીઓ માટે ઈન્ડસ્ટ્રીઅલ ટુરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૮૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને નિકોલ ફોર્મ્યુલેશન પ્રા.લિ.તલોદ કંપનીમાં લઈ જવાયા હતા જયાં વિદ્યાર્થીઓએ પેકેજીંગ, લીકવીડ ઓરલ્સમાં ફોર્મ્યુલેશન, કવોલીટી કંટ્રોલ તથા માઈક્રો બાયોલોજી જેવા અલગ અલગ ડીપાર્ટમેન્ટની મુલાકાત લીધી હતી અને દવાઓ કઈ રીતે બનાવવામાં આવે છે અને તેનું પેકીંગ કઈ રીતે થાય તથા દવાઓની ચકાસણી કઈ રીતે થાય છે વગેરે માહિતી મેળવી હતી.

સી એમ પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે શપથવિધિ કાર્યક્રમ યોજાયો

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલ મુખ્ય મહેમાન તરીકે ભાઈલાલભાઈ પટેલ સી એ સંવેદના ફાઉન્ડેશનના તથા કાર્યક્રમના અધ્યક્ષ તરીકે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ' કનુભાઈ પટેલ ખાસ મહેમાન તરીકે ડૉ નિયતિ લાખાણી મેડીકલ સુપ્રીટેન્ડેન્ટ ગાંધીનગર તથા જાગૃતિબેન પટેલ નર્સિંગ સુપ્રીટેન્ડેન્ટ ગાંધીનગર સિવિલ તથા ગાંધીનગર સિવિલના સ્ટાફ સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. બી એસ નર્સિંગની બેચ જીએનએમ નર્સિંગની ૧૨મી બેચ તથા એએનએમ નર્સિંગની ૨૦મી બેચના કુલ ૧૩૦ વિધાર્થીઓએ શપથ ગ્રહણ કર્યા હતા. આ કાર્યક્રમનું માર્ગદર્શન પ્રિન્સિપાલ ડૉ રાજેશ રાવલ તથા વાઈસ પ્રિન્સિપાલ ભાવીશા પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સફળ બનાવવા માટે કોલેજના તમામ સ્ટાફ સભ્યો એ જહેમત ઉઠાવી હતી કાર્યક્રમની આભારવિધિ પ્રો. હિમાલી પ્રજાપતિ દ્વારા કરવામાં આવી હતી.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા બાળપ્રતિભા શોધનું આયોજન

ગાંધીનગર, તા.૬

સરકારી પ્રાથમિક શાળાના બાળકોમાં રહેલી પ્રતિભાને ઓળખી શકાય અને એ અનુરૂપ એમને પ્રશિક્ષિત કરી શકાય તે હેતુથી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પરિસર ખાતે ગાંધીનગર મહાનગરપાલિકાની ૩૦ પ્રાથમિક શાળામાં ભણતા બાળકો માટે બાળપ્રતિભા શોધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત ગાયન-વાદન, ચિત્ર અને રમતગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. પ્રથમ શાળા કક્ષાએથી પસંદગી કરાયેલા ૩૨૮ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થયું હતું. તે પૈકી આ ત્રણેય સ્પર્ધાઓમાં ૨૩૨ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી આ ત્રિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો. દરેક સ્પર્ધામાં ધોરણ-કક્ષા પ્રમાણે બે કેટેગરીમાં એકથી ત્રણ નંબર આપવામાં આવ્યા હતા. આ ઉદઘાટન સમારંભમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશ મકવાણાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શુભેચ્છા આપી હતી. યુનિવર્સિટીના કુલપતિ ડો. હર્ષદ પટેલે સ્પર્ધાના ઉત્તમ આયોજન બદલ વિદ્યાનિકેતન અને સ્ટુડન્ટ વેલ્ફેર એન્ડ કલ્ચર બ્રાન્ચને ધન્યવાદ પાઠવ્યા હતા. આ સ્પર્ધામાં ભાગ લીધેલા પ્રતિભાશાળી બાળકોને ઓળખી તેમને વિશેષ પ્રશિક્ષણ આપવાનું કાર્ય ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે.

જુસિકા દ્વારા ચક્ષુદાન મેળવાયુ

જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા ચક્ષુદાન મેળવી સમાજ સેવાનુ કાર્ય પૂર્ણ કરાયુ છે. સેક્ટર-૨૧ ખાતે રહેતા નવીનચંદ્ર ત્રિવેદીનું અવસાન થતા તેમના પરિવાર જનોની સંમતિથી ચક્ષુદાન લેવાયુ હતુ. ડૉ. મિતેષ પરમાર અને કાર્યકર દિલિપભાઈ દંતાણીનો સહયોગ આ સેવાકાર્ય માટે પ્રાપ્ત થયો હતો.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.મકવાણા પ્રવિણભાઈ રામજીભાઈ, ઉ.વ.૭૦, સેકટર-૭
- સ્વ.વાઘેલા એનદરબા રજુજી, ઉ.વ.૭૩, લીમ્બોદ્રા, માણસા